# કૃષિ વિજ્ઞાન કન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ" અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે માન. કુલપતિશ્રી, ડો. કે. બી. કથીરીયા સાહેબના માર્ગદર્શન હેઠળ તારીખ ૦૬/૦૩/૨૦૨૩ના રોજ "આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ" અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો જેમાં ભારત સરકારશ્રી દ્વારા ઉજવવામાં આવતા આંતરરાષ્ટ્રિય મિલેટ વર્ષ અંતર્ગત હલકા ધાન્ય વાનગી હરીફાઇ તેમજ પ્રદર્શન પણ રાખેલ હતુ. સદર કાર્યક્રમમાં આણંદ જિલ્લાના ૧૧૪ ખેડુત બહેનો હાજર રહ્યા હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. ગાયત્રીબેન જાડેજા, મદદનીશ પ્રાધ્યાપકશ્રી, પોલીટેકનીક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ; ડૉ. એ.સી.વૈદ્ય, નિવૃત્ત વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કેવિકે, આ.કૃ.યુ., દેવાતજ; શ્રીમતી પાયલબેન ગોસાઇ, આઇ.સી.ડી.એસ. વિભાગ, સોજીત્રા; શ્રીમતી પ્રતિક્ષાબેન, તાલુકા લાઇવલીહુડ મેનેજર, મીશન મંગલમ, સોજીત્રા; શ્રી દિવ્યેશભાઇ મકવાણા, આસીસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજર, આણંદ વગેરે હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રરણા ગીત તેમજ દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. વાય. સી. લકુમ દ્વારા ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ તેઓએ આંતરરાષ્ટ્રિય મિલેટ વર્ષ અંતર્ગત વિવિધ હલકા ધાન્ય પાકો વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનશ્રીઓનુ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતુ.

ડૉ. ગાયત્રીબેન જાડેજા, મદદનીશ પ્રાધ્યાપકશ્રી, પોલીટેકનીક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમી, આ.કૃ.યુ., આણંદ દ્વારા  હલકા ધાન્યનું પોષણ મુલ્ય તેમજ તેના મુલ્ય વર્ધન માટેની વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ  ડૉ. એ.સી.વૈદ્ય, નિવૃત્ત વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કેવિકે, આ.કૃ.યુ., દેવાતજ એ આંતરરાષ્ટ્રિય મહિલા દિવસની આ વર્ષની થીમ લૈંગીક સમાનતા વિશે ચર્ચા કરી હતી. શ્રીમતી પ્રતિક્ષાબેન, તાલુકા લાઇવલીહુડ મેનેજર, મીશન મંગલમ, સોજીત્રા એ મીશન મંગલમની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ હલકા ધાન્ય વાનગી હરીફાઇમાં ઘણાં બહેનોએ ઉત્સાહથી ભાગ લીધેલ હતો જેમાં પ્રથમ, દ્વીતિય, તૃતિય એમ ત્રણ ઇનામ આપેલ તેમજ ભાગ લીધેલ બહેનોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહન પુરુ પાડેલ. ત્યારબાદ ડૉ. એસ. બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુવિજ્ઞાન) એ ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી. સદર કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન કેન્દ્રના પ્રોગ્રામ આસી. (હોમ સાયન્સ) શ્રીમતી અંજલી જાદવ દ્વારા કરવામા આવેલ હતુ.

# <u>કાર્યક્રમની ઝાંખીઓ</u>













